## ‘સન્નારી’ માટે મુખપૃષ્ઠ તસ્વીર, પ્રતિભાવ, સૂચનો વગેરે ઇ મેઇલ પર પણ મોકલી શકો છો

વાચકો, આપ તમારા પ્રતિભાવો, ‘સન્નારી’ અંગેનાં કોઇ સૂચનો, ‘સન્નારી’ને અનુરૂપ કોઇ પણ લખાણ અને મુખપૃષ્ઠ તસવીર નીચે આપેલા ઇમેઇલ એડ્રેસ પર પણ મોકલી શકો છો. આ ઉપરાંત તમે મોકલતા આવ્યા છો એમ પત્ર દ્વારા તો કંઇ પણ મોકલી જ શકો છો. તમારી સરળતા માટે આ વધારાની સુવિધા કરવામાં આવી છે.

- વાચકોને ખાસ વિનંતી કે પોતાનું લખાણ ટૂંકાણમાં જ મોકલે. ઘણા વાચકોનું લખાણ લાંબુ હોવાથી પૂરતો ન્યાય આપી શકાતો નથી.
- તમારી તસવીર ઊભી ફ્રેમમાં, બેકગ્રાઉન્ડ પ્લેઇન અને અવનવી અદામાં હોવી જરૂરી છે. આથી એકલાં નાના બાળકોના ફોટા મોકલશો નહીં.
- તમારી તસવીરની ઇમેજ સાઇઝ ૮’’ x ૧૨’’ હાઇ રેઝોલ્યુશન 300 DPIમાં મોકલશો જેથી એન્લાર્જ કરતી વખતે મુશ્કેલી ન પડે અને ફાઇલ સાઇઝ 10MB થી વધુ હોવી જોઇએ નહીં.
- તમારા ફોટાગ્રાફ અને લખાણ સાથે તમારું નામ, સરનામું, કોન્ટેકટ નંબર લખવાનું ભૂલશો નહિ.

-સંપાદક

Email: sannari@gujaratmitra.in

## સપ્તાહની તસવીર



‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર ‘ફ્રેન્ડશિપ ડે’ નિમિત્તે પ્રકાશિત થયેલી તસવીર **ભાવનાબેન ગુણવંતભાઈ પટેલ** (N.G.O. સંચાલક), **જયનાબેન પંડ્યા** (હાઉસવાઈફ), **રાધાબેન મીઠાઈવાળા** (બિઝનેસ વુમન), **રિનલ ઠાકોર** (હાઉસવાઈફ), **ઉષાબેન દેસાઈ** (હાઉસવાઈફ) અને **શશિકલાબેન દૂધવાળા** (હાઉસવાઈફ) ની છે. હકીકતમાં તો આ આઠ સહેલીઓનું વૃંદ છે પરંતુ બે સખીઓ બહારગામ હોવાથી તસ્વીરમાં સામેલ નથી કરી શક્યા. આઠ સખીઓ અને આઠ દોસ્તારો એવા આ આઠ કપલ્સની 40 વર્ષની અતૂટ મૈત્રીની અંતરંગ અને દિલચસ્પ વાતો વાંચો પાના નં. 6-7 પર.

# વર્ચ્યુઅલ ફ્રેન્ડશિપ V/S રીયલ ફ્રેન્ડશિપ

## પ્રિય સન્નારી



કેમ છો? મજામાં ને?

મૈત્રી જીવનમાં તાજગી, ઉત્સાહ અને આનંદ લાવે છે. આ આનંદનો ઉત્સવ એટલે ફ્રેન્ડશિપ ડે કે જે ઓગસ્ટ મહિનાના પહેલા રવિવારે ઉજવવામાં આવે છે. આવતી કાલ એટલે કે ૨ જી ઓગસ્ટે આપણે સૌ ફ્રેન્ડશિપ ડે ઉજવીશું. આપણા જૂના અને નવા મિત્રો, સોશિયલ મીડિયા પરના એટલે કે ફેસબુક ફ્રેન્ડ, ઈન્સ્ટાગ્રામ ફ્રેન્ડસ, વોટ્સેપ ગ્રુપના મિત્રો દરેકને આપણે ફ્રેન્ડશિપ ડેની શુભેચ્છા પાઠવીશું પરંતુ, આપણે સૌ જાણીએ જ છીએ કે આ બધા મિત્રોમાં આપણા કોઈ એકબે જ જીગરજાન દોસ્ત હોય છે. ખરું ને?

મિત્રો, જો તમને ખબર હશે તો પોસ્ટકાર્ડ અને ઈન્લેન્ડ લેટરના જમાનામાં કેટલાકના પેન ફ્રેન્ડ પણ હતા પરંતુ હવે તો પોસ્ટકાર્ડ અને ઈન્લેન્ડ લેટરનો જમાનો ગયો અને પેન ફ્રેન્ડ પણ ન રહ્યા. તેનું સ્થાન હવે સોશિયલ મીડિયાના મિત્રોએ લઈ લીધું છે. સોશિયલ મીડિયાએ ‘ફ્રેન્ડશિપ’ ની પરિભાષા બદલી નાખી છે. આજના યુગમાં સોશિયલ મીડિયા પર મિત્રોની સંખ્યા વધારે હોવી એ એક સ્ટેટસની વાત છે. સોશિયલ મીડિયા પર મોટું ફ્રેન્ડ ગ્રુપ હોવાના કેટલાક ફાયદા છે તો કેટલાક ગેરફાયદા પણ છે. સૌથી પહેલા આપણે તેના ફાયદા વિષે વાત કરીશું. દુનિયાને એક નાનકડા મોબાઈલ સ્ક્રીન પર લાવનાર સોશિયલ મીડિયાને કારણે આપણે દૂર રહેતા મિત્રોના સંપર્કમાં રહી શકીએ છીએ. કોઈ મિત્ર કારકિર્દીની ભાગદોડમાં છૂટો પડી ગયો હોય તો તેને સોશિયલ મીડિયાના માધ્યમથી શોધીને ફરી સંપર્ક સાધી શકાય છે. આ સિવાય, ફેસબુક કે ઈન્સ્ટાગ્રામ પર બનેલા મિત્રો જુદી જુદી ભૌગોલિક પરિસ્થિતિઓ અને વિવિધ પ્રકારની ભાષા અને સંસ્કૃતિઓમાંથી આવતા હોય છે. આના કારણે તેમની આર્થિક-સામાજિક પરિસ્થિતિ, જીવનશૈલી અને તેમનું કલ્ચર જાણવાની તક આપણને મળે છે. બિઝનેસમાં સોશિયલ મીડિયાનો ઉપયોગ માર્કેટિંગ માટે કરીએ તો તે ઘણું ફાયદાકારક રહે છે. જેટલા વધારે ફ્રેન્ડસ તેટલું વધારે માર્કેટિંગ થઈ શકે છે. આમ, તેને બિઝનેસની દ્રષ્ટિએ વિચારીએ તોખરેખર ઉપયોગી, સરળ અને અસરકારક માધ્યમ છે.

આજના સમયમાં ભાગ્યે જ કોઈ એવું હશે જેના ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, સ્નેપચેટ કે ટવીટર પર ફ્રેન્ડસ કે ફ્રેન્ડઝ ગ્રુપ ન હોય. સોશિયલ મીડિયા પર મિત્રો હોવા એમાં કશું ખોટું પણ નથી. બસ, તકલીફ ત્યારે જ પડે છે જયારે આપણે તેમને વાસ્તવિક જગતના મિત્રો અને સંબંધોથી વધારે મહત્ત્વ આપીએ છીએ. મિત્રો, સોશિયલ મીડિયા પર જેટલા પણ ફ્રેન્ડસ હોય છે તેમાંના મોટાભાગના ‘લાઈક્સ’ અને ‘કમેન્ટ’ પૂરતા જ સીમિત હોય છે. સોશિયલ મીડિયાના મિત્રો સાથે આપણે દિલ ખોલીને વાત કરી શકતા નથી, આપણી અંગત વાતો શેર કરી શકતા નથી અને કરવી જોઈએ પણ નહીં કારણ કે ઈન્ટરનેટ ક્યારેય કશું ભૂલતું નથી અને તમારી પ્રાઈવેટ વાતો ક્યારે પબ્લિક થઈ જાય તે આપણે જાણતાં પણ નથી. આપણાં સુખદુઃખમાં સોશિયલ મીડિયાના મિત્રો નહીં પરંતુ વાસ્તવિક જગતના મિત્રો આપણી સાથે ઊભા રહે છે. નાદાનીમાં કે સોશિયલ મીડિયાને જ સર્વસ્વ માની બેઠેલા ટીનેજર્સ જયારે અંગત માહિતીઓ સોશિયલ મીડિયા પર શેર કરે છે ત્યારે તેઓ છેતરામણીનો ભોગ બની શકે છે અથવા તેમનો દુરુપયોગ થવાની શક્યતા રહે છે. આપણે સમજવું જોઈએ કે જે માહિતી સામેની વ્યક્તિએ સોશિયલ મીડિયા પર મૂકી હોય તે સાચી જ હોય તે જરૂરી નથી. એવું પણ જરૂરી નથી કે તે વ્યક્તિ જે કમેન્ટ કરે કે સોશિયલ મીડિયા પર જે વર્તન કરે તેવી જ તે વાસ્તવિક જગતમાં પણ હોય. આમ, સોશિયલ મીડિયાના ફ્રેન્ડઝની વિશ્વસનીયતા પર એક મોટો પ્રશ્નાર્થ ચિહ્ન લાગેલો છે. અહીં કહેવાનો મતલબ એવો નથી કે બધા જ ભરોસાપાત્ર હોતા નથી પરંતુ તેમના પર સંપૂર્ણ વિશ્વાસ તો ન જ મૂકી શકાય. જે એક ક્લિકથી મિત્રો બની જાય છે તે મૈત્રીનું આયુષ્ય પણ ક્ષણભંગુર જ હોય છે. જેટલા જલ્દી મિત્રો બને છે, જેટલા જલ્દી સંબંધો બંધાય છે તેટલા ઝડપથી તે તૂટી અને વિસરાઈ પણ જાય છે.

મિત્રો, સોશિયલ મીડિયાના મિત્રો લાઈક્સ, કમેન્ટ કે થોડી ઉપયોગી માહિતી મેળવવા પૂરતા રહે ત્યાં સુધી ઠીક છે પરંતુ ખરી દોસ્તી તો વાસ્તવિક જગતના મિત્રો સાથે બની શકે, જેની સાથે તમે સુખદુઃખ વહેંચી શકો, તમને તેના પર વિશ્વાસ હોય કે તે તમારી નબળાઈનો દુરુપયોગ કરશે નહિ અને જેના પારિવારિક બેકગ્રાઉન્ડ વિષે તમે અવગત હોવ. આજના સમય સાથે ચાલવા માટે તમે ભલે સોશિયલ મીડિયા પર ઘણા મિત્રો બનાવતા હો પરંતુ રીયલ લાઈફમાં તમારી પાસે એક-બે એવા મિત્રો તો હોવા જ જોઈએ જે સાચા દિલથી તમને પ્રેમ કરતા હોય, તમને સાચી સલાહ આપતા હોય અને જે તકલીફમાં તમારી પડખે ઊભા રહેતા હોય. મિત્રો, મૈત્રી એ એક ઊંડો સંબંધ છે, જેને ‘ફેસબુક’ના ફેસ પરથી કે ‘ઈન્સ્ટાગ્રામ’ની જેમ ઈન્સ્ટન્ટ બનાવી ન શકાય. એ તો રીયલ લાઈફની મુશ્કેલીઓ રૂપી આગમાં તપીને મજબૂત બનતો સંબંધ છે. એટલે વર્ચુઅલ વર્લ્ડમાં ભલે ‘ફ્રેન્ડશિપ ડે’ ઉજવો પરંતુ તમારા રીયલ ફ્રેન્ડઝ સાથે ચોક્કસ ઉજવણી કરજો, કંઈ નહિ તો તેના માટે થોડો સમય ચોક્કસ કાઢજો. બાય ધ વે, હેપ્પી ફ્રેન્ડશિપ ડે ટુ ઓલ ઓફ યુ! આપણી મિત્રતા વર્ષોથી ચાલતી આવી છે અને તે આગળ પણ જળવાઈ રહે એવી શુભેચ્છા. ચાલો, આવજો. ફરી મળીશું આવતા સપ્તાહે.

– સંપાદક

